


‘વિશ્વ ચકલી દિન’
ઘર ચકલીને બચાવો

# ગાંધીનગર જવેલર્સ એસોસિએશન દ્વારા યોજાયેલ ધરણા

ગાંધીનગર, તા.૧૯

તાજેતરમાં ભારત સરકારના નાણા મંત્રાલય દ્વારા ચાલુ વર્ષના બજેટમાં સોના પર ૧ ટકાની એકસાઈઝ ડયુટી લાદવામાં આવી છે. સમગ્ર ભારતમાં જવેલર્સના ધંધા સાથે સંકળાયેલા વેપારીઓ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે ગાંધીનગર શહેરી વિસ્તારમાં જવેલર્સની દુકાનો ધરાવતા વેપારીઓ દ્વારા નગરના સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાનો કાર્યક્રમ યોજીને કલેકટરને આવેદન પત્ર પાઠવ્યું હતું. આગામી ૩૦ માર્ચ સુધી ધરણાનો કાર્યક્રમ સત્યાગ્રહ છાવણી ખાતે યોજાશે.

તાજેતરમાં ભારત સરકારના નાણા મંત્રાલય દ્વારા ચાલુ વર્ષના બજેટમાં ૧ ટકાની એકસાઈઝ ડયુટી લાદવામાં આવી છે તેમજ ગ્રાહક જો રૂ. ૨ લાખની દાગીનાની ખરીદી કરે તો તેના પર પાનકાર્ડ ગ્રાહકે રજુ કરવાનું છે. જેને પગલે જવેલર્સના ધંધા સાથે સંકળાયેલા સોની ભાઈઓના વેપાર સામે પડકાર ઉભો થવા પામ્યો છે. જયારે ભારત સરકારના આ નિયમથી એકસાઈઝ ઈન્સ્પેકટરનું રાજ સમગ્ર ભારતમાં શરુ થાય તેમ છે. આ એકસાઈઝ રાજથી વેપારીઓને હેરાનગતિ વધી જવા પામે છે જેને લઈને વેપારીઓ ચિંતિત જણાય છે. આ નિર્ણયના



(તસવીર : કશ્યપ નિમાવત)

વિરોધમાં સમગ્ર ભારતમાં સોની બજારના વેપારીઓ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે ગાંધીનગર શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં જવેલર્સની દુકાનો ધરાવતા વેપારીઓ છેલ્લા ૧૮ થી દિવસથી હડતાલમાં જોડાયા છે. ગાંધીનગર શહેરમાં અંદાજીત ૧૨૫ થી વધુ જવેલર્સની દુકાનો ધરાવતા વેપારીઓ પોતાનો વેપાર બંધ કરીને સરકાર સામે લડતના મંડાણ કર્યા છે. જેમાં શહેરની આસપાસ આવેલા પેથાપુર, રાંધેજા, વાવોલ, ઉવારસદ, કુડાસણ સહિત જિલ્લાના વેપારીઓનો પણ આ મુદે એકસાઈઝ ડયુટી લડત સમિતિને ટેકો જાહેર કર્યો છે. શહેરના વેપારીઓએ છેલ્લી ૨જી માર્ચથી પોતાનો વેપાર ધંધો બંધ રાખતા સોનાના ખરીદવા કરવા આવતા નગરજનોને પણ ભારે હાલાકી પડી રહી છે. જયારે સોની બજારને પરિણામે કરોડો રુપીયાનું ટર્નઓવર અટકી ગયું છે. ત્યારે તંત્ર દ્વારા આ કાયદો રદ કરવામાં આવે તેવું વેપારીઓ ઈચ્છી રહ્યા છે. સત્યાગ્રહ છાવણી ખાતે વેપારીઓ દ્વારા ધરણા યોજીને કલેકટરને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી. જયારે આગામી ૩૦મી માર્ચ સુધી સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા યોજાશે તેમ ગાંધીનગર શહેર જવેલર્સના પ્રમુખ અને હોદેદારોએ જણાવ્યું હતું.

## @ગાંધીનગર

● સમર્પણ પરિવાર દ્વારા સવારે ૬.૪૫ થી ૮ કલાક દરમિયાન સે-૨૨ પંચદેવ મંદિર ખાતે નિઃશુલ્કપણે ધ્યાન શિબિર યોજાશે.

● અમદાવાદ સ્થિત ધી બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા રવિવારના રોજ સવારે ૯ થી ૨ કલાક દરમિયાન સે-૧૭ ટાઉનહોલ ખાતે લીગલ સેમિનાર યોજાશે.

● જીવ કલ્યાણ સંસ્થા ગાંધીનગર દ્વારા સાંજે ૫.૦૦ કલાકે સે-૨૨ પંચદેવ મંદિરના યજ્ઞ ખંડ ખાતે સંસ્થાની માસિક બેઠક યોજાશે.

● હરી મંડળ વાવોલ દ્વારા બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન ભાવનાબેન યોગીના નિવાસસ્થાન ૫/એ હરીનગર સોસાયટી ખાતે આનંદનો ગરબો યોજાશે.

● દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે ડૉ. બાબાસાહેબ આંબેડકરના ગ્રંથ ‘ભારતના ભાગલા અને પાકિસ્તાનનું સર્જન’ વિષય અંતર્ગત પ્રો. ઈલિયાસ મનસુરી દ્વારા સાંજના ૫.૩૦ કલાકે સે-૧૨, ડૉ. આંબેડકર ભવન ખાતે વકતવ્ય રજૂ કરાશે.

● નહેરુ યુવા કેન્દ્ર દ્વારા સવારે ૯ કલાકે ચ રોડ સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસેથી યુથ રન તથા સાયકલ રેલી યોજાશે.

● સેકટર-૨૧ સચિવાલય જીમખાના ખાતે નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા વિવિધ રમતોની સ્પર્ધાઓ યોજાશે.

● અરવિંદ કેન્દ્રના આદ્ય સ્થાપક તથા અરવિંદ આશ્રમ પોંડિચેરીના સાધક નિર્મળાબેનના દેહવિલય નિમિત્તે અરવિંદ કેન્દ્ર ગાંધીનગર ખાતે સાંજે ૬ કલાકે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાશે.

● પેથાપુર અંબા મંડળ દ્વારા બપોરે ૨.૩૦ વાગે પ્રજાપતિ કાન્તાબેનના નિવાસસ્થાન નવા ડહેલાની સામે, વિરાજ એપાર્ટમેન્ટ સોસાયટી, બંગલા નં. ૩૦૫, ખાતે આનંદનો ગરબો યોજાશે.

## રુકમામ્બા સપ્તશતિ પાઠનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

શ્રીમતી કંચનબેન અવિનાશ પાધ્યા પ્લોટ નં. ૩૫૯/૨, સે-૨૨, બગીચા પાસે, પટેલ આઈસ્ક્રીમની પાછળના ભાગે, મા રુકમામ્બા સપ્તશતિ પાઠનું આયોજન તા. ૨૧-૩-૨૦૧૬ના રોજ સાંજના ૪ થી ૬ વાગ્યા દરમિયાન શ્રી રંગ અવધૂત પરિવાર-ગાંધીનગર દ્વારા રાખવામાં આવેલ છે. તો શહેરના નગરજનોને લાભ લેવા શ્રી નવનીતભાઈ પાઠકે જણાવેલ છે.

# રંગોના પર્વ હોળીમાં આરોગ્યની દૃષ્ટિએ ખજૂરનું વિશેષ મહત્વ

## નગરના બજારમાં હારડા, ધાણી અને ખજૂરનું વિશેષ વેચાણ

ગાંધીનગર, તા.૧૯

હોળી-ધૂળેટીના પર્વને ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે બજારમાં ખજૂર, ધાણી અને હારડાઓ વિશેષ પ્રમાણમાં જોવા મળી રહ્યા છે. રંગોથી નિખરતા હોળી-ધૂળેટીના પર્વમાં ખજૂર અને ધાણી, હારડા ખાવાથી આરોગ્યને વિશેષ લાભ થતો હોવાનું મનાય છે. જેના પરીણામે નગરના બજારોમાં ગૃહિણી ખજૂર-ધાણી અને હારડાની ખરીદી કરતી નજરે પડે છે. બદલાતા ઋતુકાળમાં કથળતા આરોગ્યની કાળજી માટે ખજૂર-ધાણી ખાવાનો વિશેષ મહિમા રહેલો છે. તહેવારની ઉજવણી સાથે આ ખાદ્ય સામગ્રીનું ધાર્મિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિશેષ મહત્વ છે. જેમાં હોળી દર્શન દરમિયાન ભાવિકો ખજૂર, ધાણી, શ્રીફળ અને કપૂર સહિતની ચીજવસ્તુઓ શ્રધ્ધાપૂર્વક અર્પણ કરે છે. જેના લીધે આસપાસનું દુષિત વાતાવરણ પણ શુધ્ધ થતું હોવાનું પરંપરાગત રીતે માનવામાં આવે છે વળી ખજૂર અને ધાણીના સેવનથી કફ, શરદી અને એસીડીટીથી પીડાતા દર્દીઓ પણ રાહત અનુભવે છે. વળી અત્યારે હારડાનું પણ વિશેષ વેચાણ થઈ રહ્યું છે. નવજાત શિશુના પરીવારજનોને પ્રથમ હોળી-ધુળેટી



નિમિત્તે હારડા અને ખજૂર, ધાણી આપીને શુભેચ્છા પાઠવવાનું મહત્વ હજુ પણ અકબંધ છે.

અત્યારે હોળી પર્વ નજીકમાં હોવાથી નગરના સેકટરોમાં ખજૂરના સ્ટોલ અને ધાણી હાથલારીમાં વેચાતી નજરે પડે છે અને માર્ગો પર તથા બજારોમાં પણ ખજૂર, ધાણી અને હારડાઓના ઢગ ખડકાયેલા જોવા મળી રહ્યા છે. તહેવારમાં વપરાતી તમામ ચીજવસ્તુઓની ખરીદીને કારણે બજારોમાં આજકાલ ભીડ જામેલી જોવા મળે છે. આ સમયે બજારમાં ખજૂર ૭૦ રૂપિયે કિલો, હારડા ૬૦ રૂપિયે કિલો, મકાઈ ધાણી રૂ.૧૦૦ અને જુનાર ધાણી રૂ. ૮૦ હોવા છતાં પણ ધૂમ વેચાણ થતું હોવાનું નજરે પડી રહ્યું છે.

# ૧૦૮ ઈમરજન્સી નગરજનોને હોળીની શુભકામના પાઠવે છે

ગાંધીનગર, તા.૧૯

હોળી એ ખુશી અને રંગનો તહેવાર છે જયારે આનંદ પ્રમોદ અને મનોરંજનના સમયે લોકો અતિરેક કરતા ઈમરજન્સી નિર્માણની સંભાવના વધુ હોય છે. ત્યારે તેવા સમયે ૧૦૮ ની જવાબદારી પણ વધી જવા પામે છે. જયારે આમ દિવસો કરતા ૧૦૮ની કામગીરીમાં અંદાજે ૬૫ ટકાનો વધારો થવા પામે છે. જેમા હોળી અને ધુળેટીમાં મારામારી, શરીરે દાઝવું, પ્રાણીઓ કરડવાથી સહિતના પ્રશ્નો સામે આવે છે ખાસ કરીને ધુળેટીના તહેવારમાં ઈમરજન્સી સૌથી વધુ રહે છે. તેવા સંજોગોમાં ૧૦૮ ની ટીમ દ્વારા નગરજનોને સલામત હોળીની શુભેચ્છા પાઠવવામાં આવે છે.

જીવીકે ઈએમઆરઆઈ ૧૦૮ના ચીફ ઓપરેટીંગ ઓફીસર જશવંત પ્રજાપતિ નગરજનોને હોળીની શુભેચ્છા આપતા જણાવે છે કે આ તહેવાર એ અનિષ્ટ પર સત્યના વિજય સમાન છે. વિવિધ રંગોનો આ તહેવાર લોકોમાં સામાજીક અંતરના બંધનને નાબુદ કરીને પ્રેમના બંધનને વધુ મજબુત બનાવે છે.હોળીના રંગો આનંદથી લોકોને એક તાંતણે બાંધે છે. ત્યારે ૧૦૮ ની ટીમ રાજયભરમાં હોળીની સિઝનમાં અપેક્ષીત વધતી ઈમરજન્સીને પહોંચી વળવા સક્ષમ છીએ.

### હોળીની ઉજવણીમાં શું ના કરવું જોઈએ

૧. પાણીના ફુગ્ગાને આંખ, કાન કે ચહેરા પર સીધા ફેંકવા જોઈએ નહી.

૨. બાળકને ઈંડા, કાદવ, અને ગટરના દુષિત પાણી સાથે હોળી રમતા અટકાવવા જોઈએ.

૩. ભાંગ કે નશાયુકત પીણું પીધા બાદ ડ્રાઈવીંગ ના કરવું જોઈએ.

૪. હોળીની ઉજવણી નજીકના મિત્રો કે પરિવારજનો સાથે કરવી.

૫. પાણીથી શરીર ભીનું હોય ત્યારે ઈલેક્ટ્રોનીક સાધનોનો ઉપયોગ કરવાનું ટાળવું.

૬. લીસી તેમજ ભીની સપાટી પર દોડવું નહી, તેમજ દુષિત પાણીથી તૈયાર કરેલો ખોરાક ખાવાનું ટાળવું જોઈએ.

• • • • • • •

### હોળીની ઉજવણીમાં શું કરવું જોઈએ

૧. નુકશાન કારક કેમીકલ્સના રંગોથી આંખોને સલામત રાખવા સનગ્લાસ અચુક પહેરવા જોઈએ.

૨. જો કોઈ ઈમરજન્સી પેદા થાય તો ૧૦૮ ને કોલ કરી મેડીકલ, ફાયર,તેમજ પોલીસની મદદ લેવી જોઈએ.

૩. શુધ્ધ પાણી અને કલરથી સારી ગુણવતાના કલરનો ઉપયોગ કરવો.

૪. વડીલોની દેખરેખ બાળકોએ હોળી રમવી જોઈએ.

૫. ચહેરાને કલરના અચાનક આક્રમણથી બચાવવુ જોઈએ, પરિવહન વખતે સજાગ રહેવું.

૬. કારમાં મુસાફરી કરતી વખતે કારના તમામ દરવાજા ચુસ્તપણે બંધ કરવા તેમજ ટોળાની વચ્ચેથી પસાર થવાનું ટાળવું જોઈએ.

## વાતવાતમાં

● શહેરમાં ઉનાળાનો પ્રારંભ થતા જ નગરજનો શરબત અને જયુસ સેન્ટરોના શરણે થઈ ગયા છે. સ્વાસ્થ્ય પ્રેમી ગાંધીનગરાઓમાં પેકેઝડ જયુસ કરતા ‘લાઈવ’ જયુસનો મહિમા વધુ હોવાનો જણાઈ રહ્યો છે.

● બપોર પછી અચાનક પવનની ગતિ વધી જતા શહેરમાં વંટોળના માહોલ સાથે વાતાવરણમાં પરિવર્તન જણાયું હતું. ધૂળની ડમરીઓ સાથે પાનખરના સૂકા પાંદડાઓ પણ ઉડતા હોવાથી વાહનચાલકોને ભારે મુશ્કેલી પડી હતી.

● આજકાલ નગરની ગૃહિણીઓમાં બટાકાની કાતરી અને સાબુદાણાની સેવ તથા ચકરી પાડવાની સીઝન ચાલી રહી છે. જો કે બપોર પછી વંટોળના કારણે ધાબે સુકવેલી કાતરી-ચકરી ઉડી જતી બચાવવા ગૃહિણીઓએ ધાબે દોટ મુકી હતી.

● શહેરના ખ માર્ગને સિકસલેન કરવાની કામગીરી હાથ ધરાઈ હોવાથી તેના પગલે આ રોડ પર અસંખ્ય ઝાડ કાપવામાં આવ્યા છે. સવારના પ્હોરમાં ચાલવા નીકળેલા મોર્નિંગ વોકર્સથી માંડીને સાંજના ઈવનીંગ વોકર્સ સુધીના તમામ પર્યાવરણ પ્રેમીઓ આ માર્ગે કપાયેલા ઝાડના હારબંધ ઠુંઠાઓ જોઈ જીવ બાળી રહ્યા છે.

● શહેરમાં વાઈરલ ફિવરની પક્કડ હજુ પણ મજબૂત જણાય છે. વાઈરલ બિમારીના કારણે ઘેર ઘેર માંદગીના ખાટલા અને સિવિલ હોસ્પિટલમાં ધસારો જોવા મળી રહ્યો છે.

## આજે રૂપાલ ગામ ખાતે ભવ્ય ભજન સંધ્યા

સુંદરધામ પરિવાર અને સમગ્ર ચોકારી યુવક મંડળ દ્વારા તા. ૨૦મી માર્ચને રવિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે રૂપાલ ગામના ચોકારી ચોક ખાતે ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત યુવા કથાકાર ભારતીબાપુ દ્વારા શિવજીના ભજનો અને કથા સત્સંગ કરવામાં આવશે. આ દરમિયાન શિવજીના ઝાંખી દર્શન તથા શિવ તાંડવ નૃત્ય પણ કરવામાં આવશે તો આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા સૌ ગ્રામજનોને જણાવાયું છે.

## પાલજમાં મંગળવારે સર્વ રોગ નિદાન કેમ્પ

અર્બન હેલ્થ સેન્ટર પાલજ અને આરોગ્ય શાખા, મહાનગર પાલિકા ગાંધીનગર દ્વારા તા. ૨૨મી માર્ચના રોજ બપોરે બાર થી ૩ વાગ્યા દરમિયાન નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન સરકારી દવાખાનું-પાલજ ખાતે કરેલ છે તો સર્વેને તેનો લાભ લેવા મેડીકલ ઓફીસર અર્બન હેલ્થ સેન્ટર પાલજે જણાવ્યું છે.

# જેસીઆઈના પ્રથમ મહિલા રાષ્ટ્રીય પ્રમુખ ગાંધીનગરની મુલાકાતે







ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર ખાતે તાજેતરમાં જુનિયર ચેમ્બર્સ ઓફ ઈન્ડિયા-જેસીઆઈના પ્રથમ મહિલા રાષ્ટ્રીય પ્રમુખ રાજશ્રી ભજે મુલાકાત લીધી હતી. ‘વિશ્વ મહિલા નેતૃત્વ’ પુરસ્કાર વિજેતા રાજશ્રી ભજેએ વર્ષ ૨૦૧૬માં જેસીઆઈ દ્વારા ‘મહિલા સ્વાસ્થ સુરક્ષા’ સંદર્ભે વેસ્ટ સેનેટરી નેપકીનનું પ્રદૂષણ દૂર કરવાનો રાષ્ટ્રીય કાર્યક્રમ હાથ ધર્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત તેમણે વેસ્ટ સેનેટરી નેપકીનના નિકાલના મશીનોનું વિવિધ શાળા કોલેજો અને સાર્વજનીક સંસ્થાઓ ખાતે સ્થાપિત કરી રહ્યા છે. તેમણે ગાંધીનગરની મુલાકાત દરમિયાન જેસીઆઈ દ્વારા દત્તક લેવા નક્કી કરાયેલ ગામ ‘મોટી આદરજ’ની મુલાકાત લીધી હતી.

રાજશ્રી ભજેએ વીપીએમપી પોલીટેકનિક ખાતે ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને સંબોધતા તેમણે આઈ-સ્માર્ટ કાર્યક્રમની જાણકારી આપી હતી અને તેનો પુરેપુરો લાભ લેવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને સંબોધતા તેમના અનુભવો અને પ્રવૃત્તિઓ અંગે માહિતગાર કર્યા હતા. જેસીઆઈ ગાંધીનગર દ્વારા મોટી આદરજ ગામને દત્તક લેવામાં આવનાર મોટી આદરજની મુલાકાતમાં તેમણે ગામને ‘આદર્શ ગામ’ તરીકે વિકસાવવા કટીબધ્ધતા જાહેર કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે રાજશ્રી ભજેએ વિધાનસભા ખાતે મુખ્યમંત્રી આનંદીબહેન પટેલની પણ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# આજે શહેરમાં ચકલીઘરનું નિઃશુલ્ક વિતરણ

## ‘વિશ્વ ચકલી દિને’ ગાંધીનગરના રાજુભાઈ મકવાણા સતત છઠ્ઠા વર્ષે ચકલીઘરનું વિના મૂલ્યે વિતરણ કરશે

ગાંધીનગર, તા.૧૯

‘આશરે પાંચેક વર્ષ પહેલા મારા ઘરમાં એક ચકલી અકસ્માતે ચાલુ પંખામાં આવી જતા મૃત્યુ પામી હતી. આ દશ્યથી મારું મન ઘણું વિચલિત થઈ ઉઠયું હતું. છેવટે મેં મારા ઘરની બાલ્કનીમાં જુના ખોખામાંથી એક ચકલીઘર જેવું બનાવી લગાડયું અને થોડાક દિવસોમાં તેમાં ચકલી રહેવા આવતા અમારા પરિવારમાં આનંદની લહેર ફરી વળી. બસ ત્યારથી મને ચકલીઘર વિતરણ કરવાનો વિચાર આવ્યો જે આજે છઠ્ઠા વર્ષે પણ અકબંધ છે.’ આ શબ્દો છે ગાંધીનગરમાં સે-૧૬માં બટાકાપૌંવાની લારી ચલાવતા શ્રમજીવી યુવાન રાજેશ મકવાણાના જેઓ દર વર્ષે ‘વિશ્વ ચકલી દિને’ ગાંધીનગરમાં ચકલીના માળાનું નિઃશુલ્ક વિતરણ કરે છે.

### ચકલીઘરનું વિતરણ કયાં અને કયારે?

તા.૨૦મી માર્ચ રવિવારે સેકટર-૧૬માં પાટનગર યોજના ભવન ખાદી ભંડારની બરાબર સામે રસ્તાની બીજી બાજુએ આવેલા ઘેઘુર વડલા નીચે રાજુભાઈની મહાકાળી બટાકાપૌંવાની લારી પરથી ચકલીઘરનું વિના મૂલ્યે વિતરણ કરાશે. આ વિતરણ સવારે ૧૧ વાગ્યાથી સ્ટોક ખાલી થાય ત્યાં સુધી વહેલા તે પહેલાના ધોરણે કરાશે.

સમગ્ર વિશ્વમાં તા. ૨૦મી માર્ચે ‘ચકલી દિવસ’ ઉજવવામાં આવે છે. ચકલી દિવસે ઘર આંગણામાં નાના પંખીઓ જેવા કે ચકલી, દેવચકલી, કાબર, દરજીડો વગેરે




અંગે જાગૃતિ ફેલાવવામાં આવે છે. ગાંધીનગરમાં છેલ્લા પાંચ વર્ષથી પર્યાવરણ પ્રેમી યુવાન રાજેશ મકવાણા ચકલીઘરનું વિના મૂલ્યે વિતરણ કરી નગરજનોને ચકલી બચાવવા અંગે જાગૃત કરવા પ્રયત્ન કરે છે. પેથાપુરના રહેવાસી રાજેશ મકવાણા સે-૧૬માં પાટનગર યોજના ભવન સામે ઘેઘુર વડલા તળે શ્રી મહાકાળી બટાકાપૌંવા નામે નાસ્તાની લારી ચલાવે છે. ગ્રાહકોમાં રાજુભાઈના હુલામણા નામથી જાણીતા રાજેશ મકવાણા ચકલીઘરના વિતરણ દ્વારા ઘર આંગણેથી લુપ્ત થઈ રહેલ ચકલીને બચાવવાના પ્રયાસમાં તેમનું યોગદાન આપવા નોંધપાત્ર પ્રયાસ કરી રહ્યાં છે. આ વર્ષે પણ તેઓ ૫૦૦થી વધુ

### નીલગાય અને મોરનો પણ પાણી માટે ચિત્કાર

ગાંધીનગરમાં નીલ ગાય અને મોર જેવા શિડયુલ્ડ વર્ગના વન્ય જીવો મોટી સંખ્યામાં જોવા મળે છે. ઉનાળો આવતા આ વન્યજીવો માટે પીવાના પાણીના સ્ત્રોતો શોધવા મોટી સમસ્યા બની જાય છે. પાણી માટે વલખા મારતા આ વન્યજીવો ઘણીવાર શહેરી વિસ્તારમાં આવી જાય છે. જેના કારણે અકસ્માત સર્જાવાની ભીતિ પેદા થાય છે. ગીરના સિંહોની જેમ ગાંધીનગરની આસપાસના વન્ય વિસ્તારોમાં આ વન્યજીવો માટે વન્ય વિસ્તારોમાં આ વન્યજીવો માટે પાણીના કુંડની વ્યવસ્થા કરવી જોઈએ તેવી વન્યપ્રાણી પ્રેમીઓમાં માંગ ઉઠવા પામી છે.

ચકલીના માળાનું વિતરણ કરવાના છે. આ કાર્ય માટે તેઓ છેલ્લા ત્રણ માસથી જહેમત ઉઠાવી પોતાના સ્વ ખર્ચે સુરેન્દ્રનગરથી ખાસ પ્રકારના માળા મંગાવી તેનું વિતરણ કરવાની વ્યવસ્થા ગોઠવી રહ્યાં છે.

રાજુભાઈ દ્વારા વિતરણ કરવામાં આવનાર ચકલીઘર ઘરના રવેશમાં કે બાલ્કનીમાં બિલાડી પહોંચી ના શકે તેવી ઉંચી જગ્યાએ લગાડવા તેમજ વરસાદ કે પાણીથી બગડે તે રીતે અથવા શિકારી પક્ષીનો ભય રહે તે રીતે ના લગાડવાની સૂચનાઓ ચકલી ઘર પર જ છાપેલી હોય છે. આ ઉપરાંત ચકલીઘરની આસપાસ પાણી તથા ચણની વ્યવસ્થા ગોઠવવા સહિત વિવિધ માહિતી પણ આપવામાં આવેલ છે.



રાજકીય પક્ષો દ્વારા ચુંટણીના પડઘમ વાગે એટલે શકિત પ્રદર્શન કરવાની ચળ ઉપડતી હોય છે. ઘણીવાર આ પ્રકારના શકિત પ્રદર્શનોમાં ઉપસ્થિત રહેતા કાર્યકરોને હકીકતમાં મૂળ કાર્યક્રમમાં રસ હોતો જ નથી. જયારે કેટલીકવાર રાજકીય કાર્યક્રમોમાં બીબાઢાળ વકતવ્યોથી આ કાર્યકરો કંટાળાનો ભોગ પણ બનતા હોય છે. ગાંધીનગરમાં યોજાયેલ કિસાન રેલીમાં પણ આવા દ્રશ્યો જોવા મળ્યા હતા. કેટલાક ખેડૂતોએ કાર્યક્રમમાં થઈ રહેલ ભાષણબાજીથી કંટાળી નજીકના શોપીંગ સેન્ટરમાં આવેલ પુસ્તકની દુકાને ‘ટાઈમ પાસ’ કર્યો હતો. આ દ્રશ્ય જોઈ એવું લાગી રહ્યું છે કે જાણે આ ખેડૂતોને ભાષણબાજી સાંભળવા કરતા ‘સામાન્ય જ્ઞાન’ મેળવવું વધુ હિતકારક લાગ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર રૂખીબેન જવણજી, ઉ.વ. ૭૦
- સ્વ. ધનજીભાઈ છગનલાલ ગજ્જર, ઉ.વ. ૫૦
- સ્વ. જયોત્સનાબેન દશરથભાઈ ભાવસાર, ઉ.વ. ૬૩